અત્યંત જરૂરી/RTE હેઠળ પ્રવેશ/ફી માહિતી

જા.નં/પ્રાથમિક/RTE/પ્રવેશ/૨૦૨૦-૨૧/ 10687

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩,જિલ્લા સેવાસદન-૨,
અઠવાલાઇન્સ,સુરત
તા.૦૨.૧૧.૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત મહાનગરપાલિકા વિસ્તારની તમામ બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓ તરફ.

વિષયઃ- RTE હેઠળ વર્ષ-૨૦૧૪-૧૫ થી વર્ષ-૨૦૨૦-૨૧ સુધી RTE હેઠળ પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓની ફી અંગેની માહિતી મોકલી આપવા બાબત.

જય ભારત સહ ઉપરોકત વિષય અને સંદર્ભ-૧ અન્વયે જણાવવાનું કે, RTE હેઠળ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ અધિકાર અધિનિયમ-૨૦૦૯ અને તે હેઠળ રચાયેલ નિયમો-૨૦૧૨ ની જોગવાઇઓ હેઠળ શૈક્ષણિક વર્ષઃ-૨૦૧૪-૧૫ થી વર્ષઃ-૨૦૨૦-૨૧ સુધીમાં સુરત જિલ્લાની સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૧ માં પ્રવેશ આપવામાં આવેલ અને હાલ આ વિદ્યાર્થીઓ ક્રમાનુસાર જે-તે ધોરણમાં અભ્યાસ કરે છે તેવા વિદ્યાર્થીઓની વિદ્યાર્થી દીઠ ધોરણવાર જે ફી નિયત કરવામાં આવેલ હોય તેવા વિદ્યાર્થીઓની પ્રવેશ ફી, સત્ર ફી, કોમ્પ્યુટર ફી અને ટ્યુશન ફી સાથેની કુલ ફી ની વિગતો મોકલવાની રહેશે.

સરકારશ્રીના ઠરાવ મુજબ વિદ્યાર્થી દીઠ પ્રવેશ ફી, સત્ર ફી, કોમ્પ્યુટર ફી અને ટ્યુશન ફી મળીને કુલ વાર્ષિક ફી તેમજ વિદ્યાર્થીઓને આપવામાં આવતી સહાયની વિગતો શાળાઓએ સામેલ નિયત પત્રક-૧ માં હાર્ડ કોપી અને સોફટ કોપી (Pen Drive)માં જ કામ કરતાં કર્મચારીએ રૂબરૂ રજુ કરવાની રહેશે.

વિગત ભરતી વખતે શાળાએ શાળાનું નામ,ડાયસ નંબર,શાળા બેંક એકાઉન્ટ નંબર જેવી વિગતો સ્પષ્ટ વાંચી શકાય તે રીતે ભરી મોકલવાની રહેશે. આ માહિતી Excel Sheet અંગ્રેજી કેપિટલ(TIMES NEW ROMAN) ફોન્ટ માં જ વિગત ભરવાની રહેશે. તેમજ શાળાનાં બેન્ક એકાઉન્ટ નંબરનો એક કેન્સલ ચેક રજુ કરવો.

ધોરણ-૧ માંથી કે ત્યાર બાદ જે શાળામાંથી વિદ્યાર્થી શાળા છોડી ગયેલ હોઇ, કે અન્ય શાળામાં અભ્યાસ કરવા ગયેલ હોય, તેવા વિદ્યાર્થીઓને આ લાભ મળવાપાત્ર રહેશે નહિ. આવા વિદ્યાર્થીઓની અલગ યાદી બનાવી અલગથી રજૂ કરવાની રહેશે.

RTE હેઠળ વર્ષઃ-૨૦૧૪-૧૫ થી વર્ષ-૨૦૨૦-૨૧ ના વર્ષમાં ધોરણ-૧ માં પ્રવેશ આપવામાં આવેલ વિદ્યાર્થીઓ હાલ જે-તે ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ફી ની વિગત વર્ષવાર નિયત કરેલ નમૂનાનાં પત્રક-૧માં જ ક્રમશઃ વિગતોભરી તેની હાર્ડ કોપી અને સોફટ કોપીમાં તા.૦૬.૧૧.૨૦૨૦ અને તા.૦૭.૧૧.૨૦૨૦ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકથી સાંજે ૦૪:૦૦ કલાક સુધીમાં ટી એન્ડ ટી વી સાર્વજનિક હાઇસ્કુલ, નાનપુરા, સુરત ખાતે બિનચૂક રજૂ કરવાની રહેશે.

નિયત પત્રકમાં વિગતો સ્પષ્ટ અને ચોકસાઇપુર્વક ભરવી, પત્રક સાથે શાળા દ્વારા લેવામાં આવતી વાર્ષિક ફીની રસીદ અથવા લેટર પેડ પર આપવાની રહેશે. ઉકત વિગતો શાળાઓએ સમયમર્યાદામાં મોકલી આપવાની રહેશે, જે શાળાઓ ફી ની વિગતો અત્રે સમયસર નહી મોકલે અથવા અધુરી,ખોટી કે નિયત નમુનામાં ન હોય અને જે-તે વર્ષની ફી બાકી રહે ત્યાર બાદ કોઇ પણ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહિ.અન્યથા ફી બાબતે જે કાંઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તેની સઘળી જવાબદારી શાળા સંચાલક મંડળ/આચાર્યની રહેશે. આ બાબતે પાછળથી કોઇ પણ પ્રકારની રજૂઆત અત્રે ધ્યાને લેવામાં આવશે નહિ. જેની ગંભીર નોંધ લેવી.

વધુમાં, તમામ શાળાઓને સુચના આપવામાં આવેલ છે, કે શાળાઓ દ્વારા આર.ટી.ઈ. હેઠળ મફત પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓનાં વાલીઓને સીધા જ કચેરીમાં ન મોકલતાં શાળા દ્વારા જ કોઈ પણ માહિતી રજુ કરવી. હવે પછી જે શાળાની આવી બાબત કચેરીનાં ધ્યાને આવશે તેવી શાળા સામે નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી

બિડાણઃ-નિયત પત્રક-૧

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિલ્લો-સુરત

## આર.ટી.ઈ અંતર્ગત પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓની સંખ્યા અને ચુકવવાપાત્ર ફી ની વિગત દર્શાવતું પત્રક વર્ષ-2020-21

| ક્રમ | વર્ષ | ધોરણ | શાળાનું નામ | શાળાનું સરનામું | શાળાનો UDISE CODE | શાળાનો બેંક એકાઉન્ટ નંબર | IFSC | પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓની સંખ્યા (હાલમાં અભ્યાસ કરતાં વિધાર્થી સંખ્યા લખવી) | FRC દ્વારા નિયત થયેલ એક વિદ્યાર્થીદીઠ વાર્ષિક ફી | કુલ (કોલમ 9 × 10) | RTE ની કામગીરી સંભાળતા કર્મચારીનું નામ | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 |
| 1 | 2014-15 | 7 | | | | | | | | | | |
| 2 | 2015-16 | 6 | | | | | | | | | | |
| 3 | 2016-17 | 5 | | | | | | | | | | |
| 4 | 2017-18 | 4 | | | | | | | | | | |
| 5 | 2018-19 | 3 | | | | | | | | | | |
| 6 | 2019-20 | 2 | | | | | | | | | | |
| 7 | 2020-21 | 1 | | | | | | | | | | |

<u>પ્રમાણપત્ર:-</u>

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે,ઉપરોક્ત એકાઉન્ટ નંબર શાળાનો જ એકાઉન્ટ આપેલ છે.સદર વિદ્યાર્થીઓને શાળામાં આર.ટી.ઈ. અંતર્ગત પ્રવેશ આપવામાં આવેલ છે. તેની જ માહિતી મોકલવામાં આવેલ છે. હવે પછી કોઈ પણ વિદ્યાર્થીની માહિતી આપવાની બાકી રહેતી નથી. ઉપરોક્ત વિદ્યાર્થીઓની માહિતી જનરલ રજીસ્ટર પ્રમાણે સાચી અને બરાબર છે.હવે પછી આ માહિતીમાં ફેરફારનો કોઈ અવકાશ રહેતો નથી.

આચાર્યશ્રીનાં સહી/સિક્કા

નોંધ:-

૧. માહિતી એક્સેલ સીટમાં અંગ્રેજીમાં જ ભરવી.
૨. કોઈ પણ રો/ કોલમ મર્જ કરવી નહિ.
૩. બેંક એકાઉન્ટ અને IFSC નંબરમાં સ્પેસ આપવી નહિ. બેંક એકાઉન્ટ અને IFSC નંબરની માહિતી ચોકસાઈ પૂર્વક ભરવી.
૪. બેંક એકાઉન્ટ નંબરમાં આગળ "શૂન્ય" હોય તો "શૂન્ય" અવશ્ય લખવો. અન્ય ચિહ્નોનો ઉપયોગ કરવો નહિ.
૫. IFSC નંબરમાં પાંચમો નંબર હંમેશા "શૂન્ય" જ આવશે જેનું ખાસ ધ્યાન રાખવું.
૬. બેંક એકાઉન્ટ અને IFSC નંબર લખતી વખતે અન્ય કોઈ સિમ્બોલનો ઉપયોગ કરવો નહિ અને જો નંબર આગળ શૂન્ય ન આવે તો TEXT ફોરમેટમાં માહિતી તૈયાર કરવી.
૭. કેટલીક શાળાઓ દ્વારા વર્ડ ફાઈલમાં માહિતી મોકલી આપવામાં આવે છે જે સ્વીકારવામાં આવશે નહિ. જેની કાળજી રાખવી.
૮. કેન્સલ ચેક રજુ કરવો.
૯. FRC દ્વારા નિયત થયેલ ફી મંજૂરીનાં હુકમની નકલ બિનચૂક સામેલ રાખવી.